# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૨૧૦-૩ તારીખ : ૧૩ - ૦૩ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી પ્રવિણભાઈ વનાભાઈ મેર
મુ. સતાપર,
મું. પો. : સતાપર, તા. : વાંકાનેર, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૨૧
મોબાઈલ : ૬૩૫૯૦૬૩૨૮૧

વિષય : ઓડીટ રીકવરી બીલ સામે વાંધા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : NIL, તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૪/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, વાંકાનેર.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાંકાનેર ગ્રામ્ય-૨.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪/ક્વા-૪/૨૨-૨૩/ 1210-3 તા. 13-03-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૪/ક્વા-૪/૨૨-૨૩, તા.૨૨-૦૨-૨૦૨૩

અરજદાર : શ્રી પ્રવિણભાઈ વનાભાઈ મેર, ગામ: સતાપર

રજૂઆત કરનાર : અરજદારશ્રી પ્રવીણભાઈ વનાભાઈ મેર અને શ્રી વનાભાઈ ગેલાભાઈ મેર

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – વાંકાનેર

રજૂઆત કરનાર : શ્રી પી. એસ.ધુલિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી વાંકાનેર

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૪.૦૩.૨૦૨૩ (શનિવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૪.૦૩.૨૦૨૩ (શનિવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી પ્રવિણભાઈ વનાભાઈ મેર તેઓના પિતાશ્રી વનાભાઈ ગેલાભાઈ મેરના નામે ગામ સતાપર ખાતે ખેતી વિષયક વીજજોડાણ ગ્રાહક નં ૮૮૦૨૬/૦૧૨૪૭/૦ થી ધરાવે છે. સદર વીજજોડાણનું મીટર વાંકાનેર પીજીવીસીએલ દ્વારા બદલવા માટે માહે ડિસેમ્બર-૨૦૨૦ માં લઇ ગયેલ બાદમાં બીલની રકમ જાન્યુઆરી-૨૦૨૩ માં માંગણી કરેલ.

૨.૧ સદર બીલની રકમ બાકી હોય તે બીલ માંગેલ જે અનુસંધાને લેખિત અરજી આપવાનું કહેતા અરજદારના પિતાશ્રીએ તા.૨૪.૦૧.૨૦૨૩ ના રોજ બાકી રકમનું વિગતવાર બીલ આપવા રજૂઆત કરેલ.

૨.૨ આમ, પીજીવીસીએલની બેદરકારીના કારણે ૦૨ વર્ષના વિલંબ બાદ આપવામાં આવેલ છે જેમાં વધારાનો ચાર્જ લાગુ પડેલ છે જેથી આર્થીક નુકશાન થયેલ છે જે બાબતે યોગ્ય કાર્યવાહી કરવા અરજદારના પિતાશ્રી બીમાર હોવાથી અરજદારે ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે ગ્રાહકશ્રી મેર વનાભાઈ ગેલાભાઈ 12.5 HP નું A2 કેટેગરીનું ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં- 88026/01247/0 થી એપ્રિલ-૨૦૧૫ થી ધરાવે છે.

3.1 સદર ગ્રાહકની અરજી તા.16.12.2020 ના આધારે તા.19.12.2020 ના રોજ ચેકિંગ શીટ નંબર 3683 થી મીટર બદલવામાં આવેલ તે સમયે બદલાવેલ મીટરને પેપર પેક કરેલ. સદર મીટરના લેબ પરીક્ષણ માટે ગ્રાહકશ્રીને પીજીવીસીએલના પત્ર નં. 116 તા.05.01.2021 થી (1) તા.08.01.2021 (2) તા.09.01.2021 (3) તા.11.01.2021 ના વાંકાનેર મીટર ટેસ્ટીંગ લેબોરેટરી ખાતે હાજર રહેવા જાણ કરેલ, દર્શાવેલ ત્રણેય તારીખમાંથી એકપણ તારીખમા ગ્રાહક કે તેમના પ્રતિનિધિ હાજર રહેલ ન હોવાથી તા.04.02.2021 ના રોજ સદર પેપર પેક મીટરનું લેબરોજકામ કરવામાં આવેલ જેના રીપોર્ટ મુજબ પીટી સપ્લાય આપીને મીટરના રીડિંગ જોવામાં આવતા 79370.2 રીડિંગ નોંધાયેલ છે.

3.2 સદર ગ્રાહકનો લેજર રિપોર્ટ તપાસતા તેમાં રીડિંગ સીરિઝ મીટર બદલાવ્યા સમયે 5711 જોવા મળેલ છે. અને મીટર ચેન્જની પ્રક્રિયા વખતે સરખેસરખા રીડિંગ દર્શાવેલ છે. તે સમયે મીટર બદલાવેલ હોય તેથી જુના મીટરના રીડિંગ ની વિગત ન હોવાના કારણે મીટર ચેન્જની એન્ટ્રી લેજર રીપોર્ટમાં જોવા મળેલ છે.

3.3 સદર સમયગાળાનું ઓડિટ મોરબી વર્તુળ કચેરી દ્વારા વાંકાનેર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી નં-૨ નું તા.**12.10.2022** થી તા.**31.10.2022** ના સમયગાળામાં થયેલ અને તેનો ઓડિટ રિપોર્ટ મોરબી વર્તુળ કચેરીના પત્ર નંબર **5248** તા.**02.11.2022** ના રોજ મોકલાવેલ જેના રીપોર્ટ મુજબ સદર ગ્રાહકના લેજર રીડિંગ તેમજ લેબ રોજકામ યુનિટમાં તફાવત જોવા મળેલ, જે તફાવત **79370- 51711=27659** યુનિટ આવતા તે મુજબની રકમ **રૂ.16595.40** ગ્રાહકના ખાતામાં ઉધારેલ અને તે મુજબનું બિલ ગ્રાહકને તા.**24.01.2023** ના રોજ મોકલવામાં આવેલ છે. આમ સદર ગ્રાહકે વપરાશ કરેલ વીજયુનિટની રકમ જ ગ્રાહકના ખાતે ઉધારવામાં આવેલ છે અને જે વસૂલવા પાત્ર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ગ્રાહકશ્રી મેર વનાભાઈ ગેલાભાઈ 12.5 **HP** નું **A2** કેટેગરીનું ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નંબર 88026/01247/0 થી એપ્રિલ-૨૦૧૫ થી ધરાવે છે. અરજદારશ્રીના પિતાશ્રી બીમાર હોવાથી તેમના વતી અરજદારે અત્રેના ફોરમમાં નીચે મુજબની રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદાર તેઓના સદર વીજજોડાણના વીજબીલની નિયમિત ભરપાઈ કરે છે, પીજીવીસીએલ દ્વારા તા.૨૪.૦૧.૨૦૨૩ ના રોજ લેબ રીપોર્ટ તા.૦૪.૦૨.૨૦૨૧ મુજબ મીટર ચેન્જ તા.૨૯.૧૨.૨૦૨૦ અન્વયે લેબમાં નોંધાયેલ રીડીંગ ૭૯૩૭૦ અને લેઝરમાં નોંધાયેલ યુનીટના તફાવતનું પેન્ડીંગ યુનીટનું બીલ રૂ.૧૬૫૯૫=૦૦ ઓડીટ ટીમ દ્વારા કરાયેલ નોંધ ના આધારે અરજદારના બિલીંગ ખાતામાં ઉધારેલ છે, અરજદારની રજૂઆત મુજબ મીટર ચેન્જ માહે ડિસેમ્બર-૨૦૨૦ માં કરાયેલ જે અનુસંધાને માહે જાન્યુઆરી-૨૦૨૩ માં ૦૨ વર્ષના વિલંબ બાદ બીલ અપાયેલ છે જેમાં વધારાનો ચાર્જ પણ લાગુ પાડેલ છે જેનાથી આર્થિક નુકશાન થતું હોય અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.3 અરજદારની અરજી અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ આધાર-પૂરાવા મુજબ અરજદારનુ વીજમીટર તા.૨૯.૧૨.૨૦૨૦ થી પ્રફોર્મા-૧૫ નં **WKRDO/9077** થી મીટર બદલાવેલ, જેમાં જુના મીટર અને નવા મીટરની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

(ટેબલ-૧)

| Particulars | Old Meter Dt.19.12.2020 | New Meter Dt.19.12.2020 | Old Meter-As per MTLab Dt.04.02.2021 |
|---|---|---|---|
| Make | Genus | Avon | Genus |
| Meter No | 599628 | 385800 | 599628 |
| Capacity | 10- 60A | 10- 60A | 10- 60A |
| C. Reading | Not Readable | 0 | 79370.2 |
| REMARKS | લેબ રીપોર્ટ મુજબ મીટરનો ટર્મિનલ બ્લોક બળેલ છે. | | |

અરજદારની અરજીના આધારે મીટરનો બ્લોક બળી ગયેલ હોવાથી પીજીવીસીએલ દ્વારા મીટર સીરીયલ નં – ૫૯૯૬૨૮ તા.૧૯.૧૨.૨૦૨૦ થી બદલાવેલ જેના લેબ પરીક્ષણ માટે વાંકાનેર ગ્રામ્ય-૨ પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં – ૧૧૬ તા.૦૫.૦૧.૨૦૨૧ થી તા.૦૮.૦૧.૨૦૨૧, તા.૦૯.૦૧.૨૦૨૧ અને તા.૧૧.૦૧.૨૦૨૧ ના રોજ ૦૩ પૈકી કોઈપણ એક તારીખે હાજર રહેવામ નિષ્ફળ જશોતો સદર મીટરની એક તરફી ચકાસણી કરવામાં આવશે અને તેમાં લેવાયેલ નિર્ણય આખરી રહેશે, પરંતુ આ પત્ર અરજદાર ને મળ્યો હોય તેવો કોઈ પુરાવો સામાવાળાએ રજૂ કરેલ નથી. જે અન્વયે અરજદાર ૦૩ પૈકી ૦૧ તારીખમાં હાજર ન રહેતા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૪.૦૨.૨૦૨૧ ના રોજ સદર મીટરની એક તરફી ચકાસણી કરેલ, જેમાં મીટરમાં ટર્મિનલ બ્લોક બળેલ જેમાં મીટરના પીટીને સપ્લાય આપતા ૭૯૩૭૦.૨ રીડીંગ નોંધાયેલ છે.

૪.૪ ત્યારબાદ વાંકાનેર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી નં-૨ નું ઓડીટ મોરબી વર્તુળ કચેરી દ્વારા તા.**12.10.2022** થી તા.**31.10.2022** ના સમયગાળામાં થયેલ અને તેનો ઓડિટ રિપોર્ટ તા.**02.11.2022** મુજબ સદર ગ્રાહકના લેઝરમાં નોંધાયેલ રીડિંગ તેમજ લેબ રોજકામમાં નોંધાયેલ યુનિટમાં તફાવત ધ્યાને આવતા તફાવતીય યુનીટ ૨૭૬૫૯ (**79370- 51711=27659**) આવતા તે મુજબની રકમ રૂ.**16595.40** ગ્રાહકના ખાતામાં ઉધારેલ તે મુજબનું બિલ ગ્રાહકને તા.**24.01.2023** ના રોજ મોકલવામાં આવેલ છે. આમ સદર ગ્રાહકે વપરાશ કરેલ વીજયુનિટની રકમ જ ગ્રાહકના ખાતે ઉધારવામાં આવેલ છે અને જે વસૂલવા પાત્ર છે.

૪.૫ સદર ગ્રાહક દ્વારા કરાયેલ વીજવપરાશની વિગત પી.આર.ટી.-૧૪૫ મુજબ નીચે પ્રમાણે છે.

| Month/ Year | 2015 | | | 2016 | | | 2017 | | | 2018 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | S | unit | C.R. | S | unit | C.R. | S | unit | C.R. | S | unit |
| Dec,Jan | | | | 6832 | | 3480 | 15662 | | 2670 | 17840 | | 7020 |
| Feb, Mar | | | | 8242 | | 1410 | 19102 | | 3440 | 23496 | | 5656 |
| Apr,May | | | | 10402 | | 2160 | 250 | C | 245 | 23496 | | 0 |
| Jun,Jul | 2 | | 0 | 12232 | | 1830 | 250 | | 0 | 25496 | | 2000 |
| Aug,Sep | 1772 | | 1770 | 12732 | | 500 | 9230 | | 8980 | 28736 | | 3240 |
| Oct, Nov | 3352 | | 1580 | 12992 | | 260 | 10820 | | 1590 | 32536 | | 3800 |
| | | | 3350 | | | 9640 | | | 16925 | | | 21716 |

| Month/ Year | 2019 | | | 2020 | | | 2021 | | | 2022 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | S | unit | C.R. | S | unit | C.R. | S | unit | C.R. | S | unit |
| Dec,Jan | 35219 | | 2683 | 45019 | | 0 | 500 | C | 500 | 13478 | | 1400 |
| Feb, Mar | 37119 | | 1900 | 45019 | N | 2630 | 5140 | | 4640 | 15968 | | 2490 |
| Apr,May | 42389 | | 5270 | 51029 | | 6010 | 9390 | | 4250 | 22888 | | 6920 |
| Jun,Jul | 43689 | | 1300 | 51531 | | 502 | 9600 | | 210 | 24518 | | 1630 |
| Aug,Sep | 45019 | | 1330 | 51710 | | 179 | 11630 | | 2030 | 25058 | | 540 |
| Oct, Nov | 45019 | | 0 | 51711 | | 1 | 12078 | | 448 | 28387 | | 3329 |
| | | | 12483 | | | 9322 | | | 12078 | | | 16309 |

| Month/ Year | 2023 | | | |
|---|---|---|---|---|
| | C.R. | S | unit | Note: C.R. = Current Reading, S=Meter Status, |
| Dec,Jan | 30748 | | 2361 | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૬ સદર કેઈસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારનું વિવાદિત મીટર તા.૧૯-૧૨-૨૦૨૦ ના રોજ બદલાવેલ ત્યારે મીટરના હાલના રીડીંગ અવાચ્ય બતાવેલ છે જેના લેબ રીપોર્ટ તા.૦૪.૧૨.૨૦૨૧ મુજબ મીટરની આંતરિક રચના બળેલ છે તેમજ પીટી સપ્લાય આપતા ૭૯૩૦૨ રીડીંગ નોંધાયેલ છે, જ્યારે મીટરરીડર દ્વારા માહે ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૦ ના રીડીંગ તા.૦૯-૧૨-૨૦૨૦ ના રોજ ૫૧૭૧૧ નોંધાયેલ છે. આમ, મીટરરીડર દ્વારા મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ ગ્રાહકને બીલ અપાયેલ

નથી, જે મીટરરીડરની ગંભીર બેદરકારી દર્શાવે છે, તો તેની સામે કંપનીના નીતિ-નિયમો મુજબ કાર્યવાહી કરવી અને તેની જાણ અત્રેના ફોરમને દિવસ-૩૦ માં કરવી. વધુમાં સવાલવાળા મીટરના લેબ રીપોર્ટ તા.૦૪.૦૨.૨૦૨૧ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પેન્ડીંગ યુનીટ નોંધાયેલ હોવા છતાં સંલગ્ન કચેરી દ્વારા ગ્રાહકના વીજબીલમાં સમયસર ડેબીટ કરવાની ગંભીરતા લીધેલ નથી.

ત્યારબાદ પીજીવીસીએલની મોરબી વર્તુળ કચેરીની ઓડીટ ટીમ દ્વારા નાણાકીય વર્ષ : ૨૦૨૦-૨૦૨૧ નું ઓડીટ વાંકાનેર રૂરલ-૨ ની પેટાવિભાગીય કચેરીનું ઓડીટ તા.૧૨.૧૦.૨૦૨૨ થી તા.૩૧.૧૦.૨૦૨૨ દરમ્યાન કરાયેલ, જેના રીપોર્ટ મુજબ સદર પેન્ડીંગ યુનીટ (૭૯૩૭૦-૫૧૭૧૧=૨૭૬૫૯) ધ્યાને આવેલ જેનો રીપોર્ટ સદર ઓડીટ ટીમ દ્વારા વાંકાનેર રૂરલ-૨ પેટાવિભાગીય કચેરીને તા.૧૪.૧૧.૨૦૨૨ ના રોજ ઇનવર્ડ થયેલ, જે અનુસંધાને ગ્રાહકના બિલીંગ ખાતામાં તા.૦૯.૧૨.૨૦૨૨ ના રોજ ૧૬૫૯૫.૪૦ ડેબીટ કરાયેલ ત્યારબાદ અરજદારને ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૨ તા.૧૬.૧૨.૨૦૨૨ ના બીલમાં સદર પેન્ડીંગ યુનીટની રકમ ઉધારેલ છે પરંતુ તેની વિગતવાર ગણતરી અરજદારને અપાયેલ હોય તેવા કોઈ આધાર-પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. સદર વીજબીલ ગ્રાહકને મળતા ગ્રાહક દ્વારા લેખિતમાં તા.૨૪.૦૧.૨૦૨૩ ના રોજ અરજી કરતા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા બીલના ગણતરીપત્રક તા.૨૪.૦૧.૨૦૨૩ ના રોજ રૂબરૂ ગ્રાહકને આપેલ છે.

પીજીવીસીએલની સર્કલ ઓફીસની ઓડીટ ટીમને સદર બાબત ધ્યાને આવતા ઓડિટ રીપોર્ટ અન્વયે પીજીવીસીએલની સંલગ્ન કચેરી દ્વારા તા.૨૪.૦૧.૨૦૨૩ ના રોજ સદર પેન્ડીંગ યુનીટનું વીજબીલ ગ્રાહકને આપેલ છે, આમ પીજીવીસીએલના સંલગ્ન જવાબદાર અધિકારી / કર્મચારીની બેદરકારી દર્શાવે છે, તેમજ કંપનીને સમયસર વીજવપરાશના બીલની રકમ મળેલ ન હોય, આર્થિક નુકશાન થયેલ હોય જવાબદાર અધિકારી / કર્મચારી સામે કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરી તેના રીપોર્ટની જાણ અત્રેના ફોરમને દિવસ-૬૦ માં કરવી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૭ અરજદારની રજૂઆત મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૪.૦૧.૨૦૨૩ ના રોજ રૂ.૧૬૫૯૫=૦૦ નું પુરવણીબીલ અપાયેલ છે જે લેબ રીપોર્ટ તા.૦૪.૦૨.૨૦૨૧ ના સવાલવાળા મીટરમાં નોંધાયેલ રીડીંગના વીજવપરાશનું બીલ છે, જેમાં કોઈ વધારાનો ચાર્જીસ ઉમેરેલ નથી. જે વીજબીલ ભરપાઈ કરવાને પાત્ર છે, જે બાબત નિયમાધીન છે. અરજદારને અપાયેલ સદર પુરવણીબીલની રકમ રૂ.૧૬૫૯૫=૦૦ ના ૦૪ (ચાર) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા તા.૧૫-૦૩-૨૩, તા.૧૫-૦૪-૨૩, તા.૧૫-૦૫-૨૩ અને તા.૧૫-૦૬-૨૩ થી ભરપાઈ કરવાના રહેશે અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવી.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ અને ૪.૭ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"